દશેલા-છાલામાં ટ્રેક્ટર ચોરોનો તરખાટ

તસ્કરો અલગ-અલગ સ્થળેથી રૂ. ૧૦.૫ લાખની કિંમતના ૩ ટ્રેક્ટરો ચોરી ગયા

ગાંધીનગર, તા. ૨

ચિલોડા-હિંમતનગર માર્ગ પર દશેલા અને છાલા ગામમાં વાહનચોર તસ્કરોએ ભારે તરખાટ મચાવ્યો છે. અને એકજ રાતમાં અંદાજે રૂ. ૧૦.૫૦ લાખની કિંમતના ત્રણ ટ્રેક્ટરોની ઉઠાંતરી કરી પલાયન થઈ ગયા. આ સંદર્ભે ચિલોડા પોલીસે ગુનો નોંધી ટ્રેક્ટર ચોરોની શોધખોળ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈ-વે પર આવેલા મોટાભાગના ગામડાઓમાં છેલ્લા ઘણા સમયથી વાહનચોરીના બનાવો દિવસ ને દિવસે વધી રહ્યા છે. અને વાહનમાલિકોનો મોંઘાદાટ વાહનો પણ મળી નથી રહ્યા ત્યારે આ સંદર્ભે પોલીસની કાર્યવાહી સામે અનેક પ્રશ્નાર્થ ઉભા થયા છે. તો બીજી તરફ પોલીસની નાઈટ પેટ્રોલિંગની પણ પોલ ખુલી જવા પામી છે અને તસ્કરો બેફામ બન્યા છે અને ગતરોજ બેફામ બનેલા તસ્કરોએ દશેલા ગામમાં કેવલભાઈ ગેમરભાઈ ચૌધરીનું રૂ. ૩.૫૦ લાખની કિંમતનું અને અશોકભાઈ રામજીભાઈ ચૌધરીનું રૂ. ૪.૫૦ લાખની કિંમતનું જ્યારે નજીક આવેલા છાલા ગામમાં માનસીંગભાઈ વાલાભાઈ જેપાલનું રૂ. ૨.૫૦ લાખની કિંમતનું એમ કુલ રૂ. ૧૦.૫૦ લાખની કિંમતના તોતિંગ ટ્રેક્ટરોની ઉઠાંતરી કરી એક જ રાતમાં તસ્કરો પલાયન થઈ ગયા હતા. આ સંદર્ભે ટ્રેક્ટર માલિકોએ ચીલોડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસ ટ્રેક્ટર ચોરો સામે ફરિયાદ નોંધી તેમને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

સાધના વાલી મંડળ દ્વારા વિશ્વ ઓટીઝમ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. માનસિક રીતે પડકારરૂપ બાળકોના વાલીઓના વાલી મંડળ દ્વારા જાગૃતિ લાવવા ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકો માટે ચિત્રસ્પર્ધા, મેડીકલ ચેક-અપ અને વાલી તાલીમ યોજવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાત ફેડરેશન ઓફ પેરન્ટસલ એસોસિએશનના પ્રમુખ રાજેન્દ્રભાઈ શાહ, ગુજરાત રાજ્ય લલિત અકાદમીના સચિવ મનોજભાઈ શુકલ, રોટરી ક્લબના પ્રમુખ રાહુલ મહેતા, કમલ કિશોર જૈન ઉપસ્થિત રહ્યા હતા.

કલોલમાં એરટેલ ડીસ્ટ્રીબ્યુટર પાસેથી બોગસ ડોક્યમેન્ટસનો જથ્થો મળી આવ્યો

૩૦૦થી વધુ પાસપોર્ટ સાઈઝના ફોટા, ૫૦૦થી વધુ આઈ.ડી. પ્રુફ, ૧૮ રબર સ્ટેમ્પ, ૧૪ સિમકાર્ડ, ૧૫ ફોર્મ્સનો જથ્થો જપ્ત કરી બે ની ધરપકડ કરાઈ : એક ફરાર

ગાંધીનગર, તા. ૨

મોબાઈલનું સીમકાર્ડ એ આમ તો સામાન્ય લાગે... પરંતુ આ જ નાનકડા સીમકાર્ડ દ્વારા કોલ કરીને ક્યારે મોટા ક્રાઈમ થઈ જાય તે કોઈ ન કહી શકે..! પોલીસ પણ તેને શોધવા માટે ગોથે ચઢી જાય પણ ડમી સીમકાર્ડથી કરેલો કોલ કોણે કર્યો તે ખ્યાલ ન આવે...! આતંકવાદી પ્રવૃત્તિ પણ આવા સીમકાર્ડથી થઈ શકે..! એક તરફ ચૂંટણીના માહોલમાં આઈ.બી.ની સતત એલર્ટ આવતી રહે છે ત્યારે બીજી તરફ ગાંધીનગર જિલ્લાના કલોલ વિસ્તારમાંથી એક એરટેલનાં ડીસ્ટ્રીબ્યુટરના ઘરે દરોડામાં પોલીસને મોટા પાયે બોગસ ડોક્યુમેન્ટસ મળી આવતા સન્નાટો મચી જવા પામ્યો છે. બે શખ્સોની ધરપકડ કરીને કલોલ તાલુકા પોલીસે ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

એરટેલ કંપનીમાં નોકરી કરતાં અને કલોલ રેલવે પૂર્વ વિસ્તારમાં રહેતા તુષારભાઈ પરમારના પિતા પ્રવિણભાઈએ ક્યારેય સીમકાર્ડ ખરીદીયુ નથી તેમ છતાં તેમના નામનુ એક એરટેલનું સીમકાર્ડ હોવાનું એરટેલના રેકર્ડ પર જણાતા તુષારભાઈ ચોંકી ગયા હતા. ગઈકાલે કલોલ તાલુકા પોલીસ મથકે તેમણે આ અંગે ફરીયાદ આપતા પી.આઈ. બી.એન. દવેએ આ બાબતને ગંભીરતાથી લઈ ઊંડી તપાસ કરી હતી. આજે એરટેલમાં જ એક ડીસ્ટ્રીબ્યુટર તરીકે નોકરી કરતા અને કલોલના નિલકંઠ સોસાયટીમાં રહેતા સંજયસિંહ વાઘેલાના ઘરે પોલીસે દરોડો પાડ્યો તપાસ હાથ ધરવામાં આવી છે. તો ત્યાંથી ૩૦૦ થી વધુ પાસપોર્ટ સાઈઝના અલગ-અલગ વ્યક્તિઓના ફોટા ૫૦૦ થી વધુ આઈડી પ્રુફ, ૧૮ જેટલા રબર સ્ટેમ્પ, ૧૪ સીમકાર્ડ, ૧૫ એરટેલના ફોર્મ મળી આવતા ખુદ પોલીસ પણ ચોંકી ગઈ હતી. તમામ મુદ્દામાલ કબ્જે લઈ પોલીસે સંજયસિંહ તથા પલસાણાના ચામુંડા કિરાણા સ્ટોરના મહેશ તખાજી ઠાકોરની ધરપકડ કરી લીધી છે. જ્યારે એક શખ્સ ખાત્રજના સિદ્ધિ ટેલીકોમનો માલીક ફરાર છે. ત્રણેય શખ્સો સામે બોગસ ડોક્યુમેન્ટસ બનાવવા, ડોક્યુમેન્ટ્સના ખરાઈ તરીકે ઉપયોગ કરવા અને જાહેરનામાનો ભંગ કરવાનો ગુનો નોંધી ઊંડી તપાસ હાથ ધરવામાં આવી છે.

જેલના સળીયા પર માથા પછાડીને દારૂડીયાએ રાત માથે લીધી..!

રાતે દોઢ વાગે દારૂ પીને પત્નિ સાથે ધમાલ કરતા પતિને સે-૭ પોલીસ પકડી લાવી હતી : હાથે પતરીઓના ઘા મારી દીધા

ગાંધીનગર, તા. ૨

શહેરના સેકટર-૧૪ ગુજરાત હાઉસીંગ બોર્ડમાં રહેતા એક દારૂડિયા પતિએ રાત્રે દોઢ વાગે પત્નિ સાથે બબાલ કરી ધમાલ મચાવતા સે-૭ પોલિસ ઘટના સ્થળે પહોંચીને દારૂડીયાને પોલીસ સ્ટેશન ઉઠાવી લાવીને લોક અપમાં નાંખી દીધો હતો. જેલના સળીયા પર માથા પછાડી પછાડીને દારૂડીયાએ આખી રાત માથે લીધી હતી. રાતના ત્રણ ચાર કલાક તો પોલીસ સ્ટાફ પણ ઉંચો-નીચો થઈ ગયો હતો.

સેકટર-૧૪ ગુજરાત હાઉસીંગ બોર્ડમાં રહેતા અમરીશભાઈ દશરથભાઈ કાપડીયાએ રાત્રે દારૂના નશામાં પોતાના ઘરે પત્નિ સાથે ધમાલ કરતા પોલીસ બોલાવવામાં આવી હતી. પોલીસને તેની પત્નીએ કોઈ કાર્યવાહી કરવી ન હોવાનું પણ જણાવ્યું હતું. પણ અમરીશ કાપડીયાએ તો નશામાં પોલીસને પણ ગાળા ગાળી કરવાનું શરુ કરી દેતા પોલીસે તેને ઉઠાવવા તજવીજ કરી હતી તેટલામાં અમરીશે પોતાના જ હાથ પર પતરીથી ઈજાઓ કરવાનું શરુ કરી દીધું હતું. અમરીશને ઉઠાવીને પોલીસ સે-૭ પોલીસ સ્ટેશન લઈ ગઈ અને લોકઅપમાં ધકેલી દીધો હતો. રાત્રે દોઢ વાગ્યાથી સાડા ચાર વાગ્યા સુધી તેણે લોકઅપમાં પણ ધમાલ કરી મુકી હતી. જેલના સળીયે માથા પછાડવાનું શરુ કરી દીધું હતું અને ભાજપના એક અગ્રણી નેતાને ફોન કરીને બોલાવીશ તેવી ધમકીઓ પણ પોલીસને આપતો હતો. પ્રોહીબીશન એકટ હેઠળ તેની ધરપકડ કરી કાર્યવાહી કરવામાં આવી હતી.

દારૂ પીધેલા પકડીને મિડીયાને માહિતી ન આપવા પોલીસનો 'તોડ'

૧૦ દિવસ પહેલા ઈન્ફોસિટીમાંથી બે યુવતી સહીત ચારને પીધેલા પકડ્યા હતા : આવી કોઈ બાબત ધ્યાન પર જ ના આવી હોવાનો પીએસઆઈએ જે-તે સમયે દાવો કર્યો હતો

ગાંધીનગર, તા. ૨

કોઈ ગુનો બન્યો હોય કે કોઈએ કાયદો તોડ્યો હોય ત્યારે આંખ આડા કામ કરી કાગળ પર કોઈ કાર્યવાહી ન કરવામાં માસ્ટર બની ગયેલી પોલીસ હવે મિડીયામાં માહિતી ન આપવા માટે પણ તોડ કરવા લાગી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ઈન્ફોસિટીમાંથી બે યુવતી અને બે યુવક મળી ચારને પીધેલી હાલતમાં પકડ્યા હોવાના મેસેજ બાદ જે તે સમયે પીએસઆઈને આ અંગે પૃચ્છા કરતાં આવુ કોઈ ધ્યાન પર જ ન હોવાનું કહીને વાત ઉડાવી દીધી હતી. જો કે જાણવા મળ્યા મુજબ તે ચારેય સામે પોલીસે ગુનો દાખલ કર્યો હતો. પણ મિડીયામાં માહિતી આપવામાં ગફલા કર્યા હતા.

૨૧મી માર્ચે એટલે કે આજથી દશેક દિવસ પહેલા ઈન્ફોસિટી પોલીસે ઈન્ફોસિટીમાંથી જ અમદાવાદના બે નબીરા યુવકો અને બે યુવતીઓના ચાર જણાનું ગ્રુપ દારૂ પીધેલી હાલતમાં પકડ્યું હતું. આ માહિતી સુત્રો દ્વારા મિડિયાને મળતા આ અંગે જે-તે સમયે પીએસઆઈ અમિત ભરવાડનો સંપર્ક કરી આ પ્રકારનો કોઈ ગુનો બન્યો છે કે કેમ ? તેની પૃચ્છા કરવામાં આવી હતી પરંતુ જે-તે સમયે તેમણે આવુ કાંઈ ધ્યાનમાં જ ન હોવાનું કહીને આખી વાત જ ઉડાવી મુકી હતી. દરમ્યાન પોલીસ સ્ટેશન ડાયરીમાં તપાસ કરતાં સમગ્ર ભાંડો ફુટવા પામ્યો છે. પોલીસે કૃષ્ણનગરના રોકી મનીષભાઈ પટેલ, થલતેજના દેવાંગ હસમુખભાઈ પટેલ, જુના વાડજની રૂની અશોકભાઈ ગોહિલ અને વાસણાની પ્રેક્ષા બિપીનભાઈ પટેલ મળીને ચારેય યુવક-યુવતી સામે દારૂ પીધેલાનો પ્રોહીબીશન એક્ટ અંતર્ગત ગુનો દાખલ કર્યો હોવાની નોંધ સ્ટેશન ડાયરીમાંથી મળી આવી છે. પોલીસે દારૂ પીધેલી પકડાયેલા યુવક-યુવતીઓ પાસેથી મિડીયાને વિગતો ન આપવા 'મોટો' તોડ કર્યો હોવાની શંકા નકારી શકાય નહી...!

દેવી ભાગવત્ કથા : ચૈત્રી નવરાત્રીના પાવન પર્વે સેક્ટર-૨૪ના સત્યમ શિવમ્ ફ્લેટના કોમન પ્લોટમાં શ્રીદેવી ભાગવત્ પારાયણનો પ્રારંભ થયો હતો. કથા શ્રવણ માટે મોટી સંખ્યામાં ભાવિકો ઉમટે છે.

દૂધ મંડળીના મેનેજર નવિનભાઈ નિવૃત્ત થતા વિદાય સમારોહ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીની સ્થાપના સમયથી ડેરી ખાતે જનરલ મેનેજર તરીકે ફરજ બજાવતા નવીનભાઈ પટેલનો વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો.

મધૂર ડેરી સેકટર-૨૫ ગાંધીનગરમાં ૧૯૮૪થી જનરલ મેનેજર તરીકે ફરજ બજાવતા નવીનભાઈ અંબાલાલ પટેલનો વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ૧૯૮૪થી ૩૧ માર્ચ ૨૦૧૪ સુધી નિષ્ઠાથી કાર્ય બજાવેલ શ્રી પટેલને સંસ્થાના ચેરમેન દિલીપસિંહ ચૌહાણે સન્માનપત્ર આપી સન્માનીત કર્યા હતાં.

આ પ્રસંગે દિલીપસિંહે નવીનભાઈ અંબાલાલ પટેલની કાર્ય શૈલીને બિરદાવી હતી અને તેમની ખોટ હંમેશા સંસ્થાને પડશે તેમ જણાવ્યું હતું તેમજ વાઈસ ચેરમેન તેજાભાઈએ શાલ ઓઢાડી સન્માનિત કર્યા હતાં.

આ પ્રસંગે વય નિવૃત્ત થતા શ્રી પટેલ સાહેબે તેમની પ્રગતિ સંસ્થાને આભારી છે અને સંસ્થાના બોર્ડ ઓફ ડિરેકટર અને કર્મચારીઓનો હૃદયપૂર્વક આભાર વ્યકત કર્યો હતો. આભાર વ્યકત કરતી વેળાએ નવીનભાઈ પટેલ ભાવુક થઈ ગયા હતા.

વય નિવૃત્ત થતા નવીનભાઈ પટેલની જગ્યાએ મંડળીના સિનિયર કર્મચારી નરહરદાન ગઢવીને પ્રમોશન આપવામાં આવ્યું હતું. નરહરદાન ગઢવીએ જનરલ મેનેજરનો પદભાર સંભાળ્યો હતો. આ પ્રસંગે ગઢવીએ પૂરી નિષ્ઠા અને ખંતથી કામ કરીશ તેમ જણાવ્યું હતું.

ચાંદખેડામાં ૧૩માં માળેથી પટકાતા યુવકનું થયેલું મોત

અમદાવાદ, તા.૨

અમદાવાદ શહેરના ચાંદખેડા વિસ્તારમાં ૨૯ વર્ષીય યુવક ૧૩માં માળેથી પટકાતા મોત નિપજ્યું છે. જગતપુરના ગોદરેજ ગાર્ડન સીટી સામે આવેલ સેવી સ્વરાજમાં રહેતા ૨૯ વર્ષીય સમીજુદીન પતનું શેખ ૩૧ માર્ચના સાંજના ૬ વાગ્યાન સુમારે જગતપુર સેવી સ્વરાજ સાઈટના ૧૩માં માળથી પગ સ્પીલ થઈ જતાં નીચે પટકાયા હતા. તેમને ગંભીર ઈજા થતાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં હોસ્પિટલના ફરજ પરના ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા.

ગાંધીનગર ન્યૂઝ પેપર સપ્લાયર્સ એસોસિએશનના પ્રમુખ પદે સંજય કે. પટેલની સર્વાનુમતે વરણી કરાઈ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર ન્યૂઝ પેપર સપ્લાયર્સ એસોસિએશનની તાજેતરમાં મળેલ બેઠકમાં એસો.ના પ્રમુખ પદે શ્રી સંજય કનુભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

આ બેઠકમાં ઉપપ્રમુખ પદે શ્રી નિતીનભાઈ વ્યાસ અને જયંતિભાઈ પટેલ, મહામંત્રી પદે શ્રી કૃણાલ પોપટલાલ પ્રજાપતિ અને ખજાનચી તરીકે શ્રી નિલેશભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. સલાહકાર સમિતિમાં શ્રી જયેન્દ્રસિંહ બિહોલા અને શ્રી વિરાભાઈ પટેલની નિમણુંક કરવામાં આવી હતી.

એસો.ની કારોબારી સમિતિમાં સર્વે શ્રી પંકજ બિહોલા, રાજુભાઈ શ્રીમાળી (એસ.આર.), રાજુભાઈ પ્રજાપતિ, મહેશ દેસાઈ, વિક્રમ ઠાકોર, જીગર પરમાર, યુનુસ શેખ, સુનિલભાઈ મોદી, રાજુભાઈ પરમાર (આર.કે.), ચેતન આર. પટેલ, જગદીશભાઈ પટેલ, વિરેન્દ્ર એસ. પાંડે, ઈશ્વરભાઈ સોલંકી, કિરીટભાઈ પટેલ અને હરેશભાઈ પંચાલની વરણી કરવામાં આવી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૩
સૂર્યાસ્ત : ૬.૫૩

તાપમાન

મહત્તમ : ૩૭.૪ ડિ.સે.
લઘુત્તમ : ૨૨.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૯ ટકા ● સાંજે ૨૨ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
યંગીસ્તાન : ૧૦.૧૦, ૧.૧૦, ૪.૧૦, ૭.૧૦, ૧૦.૧૦

: સ્ક્રીન-૨ :
ઓ-તેરી : ૯.૫૫, ૩.૧૫, ૮.૩૫, ૧૦.૫૫
ક્વીન : ૧૨.૧૫, ૫.૩૫

: સ્ક્રીન-૩ :
રાગીની એમએમએસ-૨ : ૧૦.૧૦, ૩.૧૦, ૮.૧૦, ૧૦.૫૦
ઓ-તેરી : ૧૨.૫૦, ૫.૫૦

: સ્ક્રીન-૪ :
ઢીશ્કીયાં: ૧૦.૫૫, ૧.૨૫, ૪.૧૦, ૬.૫૫, ૯.૪૦

આર વર્ડ

: સ્ક્રીન-૧ :
ઢીશ્કીયાં : ૧૦.૪૫, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
ઓ-તેરી : ૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
યંગીસ્તાન : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫
રાગીની એમએમએસ-૨ : ૪.૧૫, ૧૦.૨૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ડીશ્કીયૂન : ૧૦.૩૦, ૧.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
રાગીની એમ.એમ.એસ. : ૪.૩૦

: સ્ક્રીન-૨ :
યોન્ગીસતાન : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
રાગીની એ.એમ.એસ. :૧.૧૫, ૭.૧૫

: સ્ક્રીન-૩ :
ઓ-તેરી : ૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦
યોન્ગીસતાન : ૧.૦૦
રાગીની એમ.એમ.એસ. : ૧૦.૦૦

સૂર્યા સિનેમા (વાવોલ)

પડકાર :૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

વિરાગ સિનેમા(કલોલ)

પ્રેમ કરે તો ગોરી તું હાચો કરજે :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. વિરોધી હેરાન કરી શકે છે. કાર્યની ગતિમાં વધશે.

વૃષભ : વરિષ્ઠ વ્યક્તિઓ તથા નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થશે. તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

મિથુન : કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિ અને નવા કાર્ય થઈ શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. વ્યવસાયિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

કર્ક : વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવા. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

સિંહ : વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય. પ્રતિસ્પર્ધાના પરીક્ષાર્થીઓ માટે ચયન પરીક્ષાઓમાં ઉત્તમ અવસર. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

કન્યા : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ યાત્રા અને ભાગદોડની સંભાવના. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

તુલા : કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય.

વૃશ્ચિક : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે.

ધન : આર્થિક સ્ત્રોતોથી લાભ પ્રાપ્તિ થઈ શકે છે. વેપાર સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

મકર : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. તીર્થસ્થાનોની યાત્રા થઈ થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

કુંભ : સાહિત્ય જગતના લોકો માટે ઉપલબ્ધિ કારક સમય. ભૂમિ, વાહન, યંત્ર વગેરેથી લાભ થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

મીન : આવકના સાધન પ્રાપ્ત થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તે ધ્યાન રાખવું. કુટુંબ સંબંધી વિવાદ માનસિક કષ્ટનું કારણ બની શકે છે.